# હા... સાહેબ !

"જોયું ને..?! ત્રીજો મોરચો થયોને..?!"

"હજુ જુઓ તો ખરા..! જેમ જેમ ચૂંટણી નજીક આવશે તેમ તેમ... ચોથો મોરચો... પાંચમો મોરચો..!"

"... એટલે... મોરચામાં તો કોઈકને હરાવવાનો અને કોઈકને જીતાડવાનો છુપો એજન્ડા હોય છે..!"

"એ એજન્ડા ને ફેજન્ડા... તમને ખબર પડે... પણ સામાન્ય પ્રજાને તો કોણ ઉભુ છે... અને ક્યા સમાજનો છે... એટલી જ લેવા-દેવા હોય છે..! અને એમાં જ હાર-જીતના સમીકરણો બદલાઈ જાય છે..!"

"સાહેબ એટલે જ મોરચા જન્મે છે..! પણ..."

"... હા... એજ...ને..! ગુજરાતમાં ત્રીજો મોરચો ચાલ્યો જ નથી... એવું કહેવું છે ને..?! અને ઈતિહાસ સાક્ષી છે..! ચીમનભાઈનો 'કીમલોપ'... બાપુનુ 'રાજપા'... કે ...બાપાની પરિવર્તન પાર્ટી... બધાના સુરસુરીયા જ થયા છે ને..!?!"

"પણ તમે ગુજરાતની વાત છોડો..! દિલ્હીમાં આમ આદમી પાર્ટીએ કેવો ચમત્કાર કર્યો હતો..! કોંગ્રેસ અને ભાજપ બન્નેને ધોબીપછાડ ચાખવી પડી છે..!!"

"અરે... તમે કયાં કેજરીવાલના ઉદયની વાત કરો છો..?! એ તો એક સપના જેવું હતું.... 'ન ભુતો..ન ભવિષ્યતિ'... અને આજે કેવા હાલ છે..?!"

"સાહેબ એ તો તમારાવાળાના કાવત્રા છે..! જાતજાતની સાજીસો રચી આમ આદમી પાર્ટીનું ખેદાન-મેદાન કાઢી નાંખ્યું..!! કેજરીવાલની ઈમેજને ધુળધાણી કરી નાંખી..! તમારાવાળા તો સાહેબ ધારે તે કરી શકે..!!"

"તો.. આટલું સમજો છો તો નાહકના ઉધામા કરો છો..?!"

"ઉધામા નથી સાહેબ, ઉધામા નથી... તંદુરસ્ત ચર્ચા છે... પ્રજાની વાત અને વેદના ચર્ચાવી તો જોઈએ જ ને..?!"

"ઓ હો... આજે જ બ્રહ્મજ્ઞાન આવી ગયું..?! પ્રજાની વેદના-પ્રજા હાઈકમાન્ડ- પ્રજા સર્વ સત્તાધીશ..!"

"હા... આ... બ્રહ્મજ્ઞાન ગઈકાલે હતું - આજે છે અને આવતીકાલે રહેશે..! પણ તમારાવાળા ચૂંટણી પછી વધારે ભુલી જાય છે..!! ચૂંટણીમાં મોટી...મોટી અને ખોટી-ખોટી જાહેરાતો કરી બ્રહ્મજાળ ઉભી કરવામાં તમે માહિર છો..!! અમે તો..."

"હું...અ... તમે તો દૂધે ધોયેલા... તમે તો ખોટું જ ના બોલો... સત્યવાદી રાજા હરીશ્ચંદ્રની નવી આવૃત્તિ એમજ ને...!?!"

"ના એવો અમારો દાવોય નથી..! ખોટુ બોલીએ પણ માપમાં બોલીએ..! પેલા પંદર લાખ જેવું નહિ..! પેલા એમઓયુ જેવું નહિ..!"

"રહેવા દો ને હવે..! ક્યાં અત્યારે હિસાબ કાઢવા બધા..! પણ પ્રજા તો બધું જ સમજે છે..! કોણ કેટલા પાણીમાં છે..! અને કોના પાણી ઓસર્યા છે..!"

"હું...અ... તમારી મોઘમ વાતો મને સમજાય છે..! સપના જોવાનું બંધ કરો અને મહેનત કરવાની શરૂ કરો..!! તો પરિણામ સુધી પહોંચશો..! આમ અમથી અમથી ડંફાશો મારવાથી અને દલીલો કરવાથી સત્તા નહિ આવે..!"

"સાહેબ સત્તા આવે કે ના આવે તેની વાત નથી..! વાત છે સિદ્ધાંતની, મુલ્યોની, આચાર સંહિતાની..."

"હું...અ... સાચી વાત છે... ત્રીજો મોરચો આવે કે ચોથો મોરચો આવે... બધા મોરચા વિચારધારાનો જો આદર કરે તો મુલ્યનિષ્ઠ રાજનીતિ જાળવવામાં આપણે સફળ થઈએ..!!"

- નિમિત્ત માત્ર


દુઃખદ અવસાન - અષ્ટાપદની પૂજા



શ્રી સૂર્યકાન્તભાઈ ર.મહેતા (નિવૃત્ત I.A.S)ના ધર્મ પત્ની
**શ્રીમતિ સુશીલાબેન મહેતા** નું તા.૧૬-૦૯-૨૦૧૭ના રોજ અવસાન થયું છે.
સદ્‌ગતના આત્મશ્રેયાર્થે અષ્ટાપદની પૂજા તા.૨૧-૦૯-૨૦૧૭, ગુરૂવાર, સવારે ૯ થી ૧૨ કલાકે રાખેલ છે.
સ્થળ :- જૈન દેરાસર સંકુલ, સેક્ટર-૨૨, ગાંધીનગર

સૂર્યકાન્ત રતિલાલ મહેતા પરિવાર

દક્ષાબેન અતુલકુમાર પાલખીવાળા | અતુલકુમાર આર. પાલખીવાળા
સ્મિતાબેન અશ્વિનભાઈ શાહ BOB | અશ્વિનભાઈ બી. શાહ
દીનાબેન શૈલેષકુમાર શાહ | શૈલેષકુમાર કે. શાહ
આરતીબેન વિમલકુમાર શેઠ | વિમલકુમાર સી. શેઠ
રત્ના મિથુન શાહ | મિથુન કે. શાહ

સ્વ.ભાવિન સૂર્યકાન્તભાઈ મહેતા

નોંધ :- સમસ્ત શ્રમણ-શ્રમણી ભગવંતોને સુશીલાબેન માટે સ્મરણાંજલી લખી મોકલી આપવા નમ્ર વિનંતી.

પ્લોટ નં.૨૨૯, સેક્ટર-૭/એ, ચ-રોડ, ગાંધીનગર-૩૮૨૦૦૭



## કર્મચારીઓ જોઈએ છીએ

આ સંસ્થામાં રોજબરોજની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે પ્રમાણે ધોરણ-૧૨ પાસ અને સામાન્ય વહીવટી કામગીરીના જાણકાર-૨ (બે) કર્મચારીઓ જોઈએ છીએ. લાયકાત ધરાવનારે જરૂરી વિગતો સાથે સંપર્ક કરવો.

મેનેજર
શ્રી સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેવા ટ્રસ્ટ
એમ.એસ. બિલ્ડીંગ સામે, ઉમિયા માતાજી મંદિર પાછળ, સેક્ટર-૧૨, ગાંધીનગર. મો. ૯૪૨૬૯ ૧૦૩૨૪



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




આવ્યા 'મા'ના નોરતા - નવરાત્રીના પ્રારંભ વચ્ચે હવે માત્ર ૨૪ કલાક જ બાકી છે ત્યારે ગરબાપ્રેમીઓ પોત-પોતાની તૈયારીને આખરી ઓપ આપી રહ્યા છે... ગરબો એટલે ગુજરાતની અસ્મિતા, ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ અને ગરબો એટલે ઉલ્લાસની અભિવ્યક્તિ કરવાનું પર્વ.... ગરબાની અભિવ્યક્તિને યુવતીઓ સુર, લય અને પગના ઠેકાની સાથે લચક આપતા અનોખો માહોલ સર્જાય છે... ભાવ, ભક્તિ અને સાંસ્કૃતિક ચેતનાના ત્રિવેણી સંગમ સમા નવરાત્રી પર્વને આવકારવા યૌવનમાં થનગનાટ વર્તાય છે...

# આજે ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભા

## કોંગ્રેસ પ્રજાની હાડમારીની ઉગ્ર રજૂઆત કરશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે સામાન્ય સભા તોફાની બની રહેશે તેવા સંકેતો પાટનગરના રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે બપોરે ૧ વાગે મનપાના સભાખંડમાં મળશે. આ બેઠકમાં આમ તો એક જ મુદ્દો એજન્ડામાં દર્શાવવામાં આવ્યો છે.

આ બેઠકમાં વિકાસના પ્રશ્નો ઉભા કરી કોંગ્રેસ દ્વારા હલ્લાબોલ કરવામાં આવે તેવા સંકેતો છે. જો કે આજ સાંજ સુધીમાં કોંગ્રેસ પક્ષ દ્વારા સત્તાવાર રીતે કોઈપણ મુદ્દાઓની રજુઆત માટે નથી મંજૂરી માંગવામાં આવી કે નથી કોઈ જાણ કરવામાં આવી હોવાનું મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આ બેઠકમાં આસિ. સેક્રેકટરીની જગ્યા અપગ્રેડ કરવાનો મુદ્દો એજન્ડામાં દર્શાવવામાં આવ્યો છે. જો કે કોંગ્રેસ પક્ષ દ્વારા શહેરમાં ખોરવાયેલ ડોર ટુ ડોર કચરા કલેકશનની સિસ્ટમ, પ્રજા માટે બસની સુવિધા, ગાર્બેજ કલેક્શન માટેના કોમ્પેક્ટર ખરીદવામાં ઉદાસીનતા સહિતના મુદ્દાઓ પર ઉગ્ર રજુઆત કરાશે. ૩ કર્મચારીઓના પગાર નહિ થયા તેમ જાણવા મળી રહેલ છે. આજની સામાન્ય સભાની બેઠક પર સૌની નજર મંડાયેલી છે. મેયર સાથે પક્ષાંતર ધારાના ચાલતા કેસના ચુકાદા પછી આ પ્રથમ બેઠક હોવાથી સૌની નજર બેઠક પર કેન્દ્રીત થયેલી છે.

# શહેરમાં નવરાતના પ્રારંભે સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ આરંભાશે

## ટુંકમાં જ સેકટરોના આંતરિક માર્ગોના ગાબડા પુરી ચકાચક બનાવાશે

ગાંધીનગર તા ૧૯

શહેરમાં માર્ગોની દશા અત્યંત ખરાબ છે. છેલ્લા બે વર્ષથી માર્ગો બદતર હાલતમાં હોવાથી સ્થાનિક રહીશોમાં પણ રોષ પ્રવર્તયો છે. જયારે ચોમાસાના અંતે હાલ માર્ગો પર મોટામસ ગાબડા જોવા મળી રહયા છે. નવા સેકટરોમાં માર્ગોની દુર્દશાના લીધે માર્ગ સલામતી પણ જોખમાઇ છે. નિયત સમયના અંતે પણ માર્ગોનુ કામ હાથ ધરવામાં વિલંબ થતા હવે સ્થાનિક રહીશોની ધીરજ ખુટી છે. ત્યારે આગામી નવરાતના પ્રારંભથી નવા સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ શરૂ કરી દેવાશે. સે-૧ માંથી માર્ગ સુધારણાના કામની શરૂઆત કરવામાં આવશે. સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા પાછળ અંદાજિત રૂ ૨૫ કરોડનો ખર્ચ થવાની સંભાવના છે.

શહેરમાં માર્ગોની હાલત હાલની સ્થિતિએ અત્યંત કંગાળ છે. જયારે માર્ગ સુધારણાનુ કામને પણ પાંચ વર્ષથી પણ વધુ સમય વિતી ગયો છે. ત્યારે વરસાદી દિવસોના અંતે માર્ગોની હાલત અત્યંત બિસ્માર જોવા મળી રહી છે. ખાસ કરીને શહેરના નવા સેકટરોમાં આંતરિક માર્ગો પર મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે માર્ગ સુધારણાની કામગીરીને અનુલક્ષી અગાઉ પણ સ્થાનિક રહીશો દ્વારા વારંવાર રજુઆત કરવામાં આવી હતી. પરંતુ કામને મંજુરી મળી ગયા બાદ પણ વરસાદી દિવસોના લીધે માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરી શકાઇ ન હતી. ત્યારે હવે વરસાદી દિવસોના અંતે તંત્ર દ્વારા સેકટરોમાં માર્ગોને ચકાચક બનાવવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવાઇ છે. ટુંકમાં જ સેકટરોના આંતરિક માર્ગોને લીસ્સા કરવા માટે કામગીરી હાથ ધરાશે. સે-૧ માંથી માર્ગ સુધારણાની કામગીરીની શરૂઆત કરાશે. ત્યારબાદ સે-૨ અને સે-૩ ઉપરાંત અન્ય નવા સેકટરોમાં માર્ગોનુ કામ હાથ ધરવામાં આવશે. સેકટરોના આંતરિક માર્ગો પર છેલ્લા ઘણાં સમયથી ખાડા ટેકરા જોવા મળી રહયા છે. વરસાદી દિવસોમાં માર્ગોનુ અસ્તિત્વ જ જાણે ભુંસાઇ ગયુ હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. આવા સંજોગોમાં સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. માર્ગ મકાન વિભાગ દ્વારા શહેરના આંતરિક માર્ગોની સુધારણા માટે અંદાજિત રૂ ૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે પાંચ વર્ષથી વધુ સમયના અંતે આખરે સેકટરોના માર્ગોને ચકાચક બનાવવા માટેનુ કામ શરૂ કરાશે. સેકટરોમાં પહેલા નોરતે થી જ માર્ગોની દશા સુધારવા માટેના કામનો પ્રારંભ કરવામાં આવશે. જો કે વરસાદી વિધ્ન ન નડે તો કામ શરૂ કરી દેવાશે. જયારે ટુંકમાં જ નગરના રોડ નેટવર્કની સુધારણાનુ કામ પુર્ણ કરી દેવાશે.

### ખાસ રસીકરણ અભિયાન માટે

# જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ

ગાંધીનગર, તા. ૧૯

ખાસ રસીકરણ અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી આરોગ્ય તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ૨૫મી સપ્ટેમ્બર સુધી આશા કાર્યકરો દ્વારા ચાલનારા આ સર્વેમાં અરક્ષિત બાળકો અને અરક્ષિત સગર્ભા માતાઓને શોધી તેમની યાદી તૈયાર કરવામાં આવશે.

આ યાદી પછી ૭મી ઓક્ટો.થી સાત દિવસ માટે તેમજ ૭મી નવેમ્બર અને ૭મી ડિસેમ્બરથી સાત દિવસ માટે આ રસીકરણ અભિયાન જિલ્લાકક્ષાએ યોજવામાં આવશે. તંત્ર દ્વારા આ માટે તાલિમ પણ આપી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન મળતી વિગતો પ્રમાણે રવિવારે ખાસ પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત જિલ્લામાં ૪૩૧૪ બાળકોને રસી પીવડાવવામાં આવી હતી.

જેમાં દહેગામમાં ૩૫૭, માણસામાં ૧૧૧, કલોલમાં ૨૩૬૭ અને ગાંધીનગરમાં ૧૪૭૯ બાળકોને આવરી લેવામાં આવ્યા હતા. માઈગ્રન્ટ પરિવારોના આ બાળકો પલ્સ પોલીયો અભિયાનમાં રહી ગયા હોવાનું જણાતાં તંત્રમાં આ વિશેષ અભિયાનનો નિર્ણય લેવાયો હતો અને પોલિયોના ટીપા અપાયા હતા.

# નવરાત દરમિયાન ભાવિકો માટે ચાર શકિત પીઠ પર ખાસ બસો દોડશે

## ગાંધીનગર ડેપો દ્વારા ખાસ બસ સેવા દોડાવામાં આવશે

ગાંધીનગર તા ૧૯

અગામી નવરાતને અનુલક્ષી શહેરમાં ગરબા મહોત્સવને અનુલક્ષી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે નવરાત્રિ મહોત્સવમાં ભાવિકો શકિત ની ભક્તિમાં તરબોળ બનતા વિવિધ માતાજીના ધર્મ સ્થાનોએ પણ દર્શન માટે જવા ભાવિકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળે છે. જેને અનુલક્ષી એસ ટી તંત્ર દ્વારા અંબાજી, બહુચરાજી, પાવાગઢ અને ચોટીલા રૂટ માટે ટ્રાફિકને ધ્યાને લઇ વધારાની બસો દોડાવાશે જેથી ભાવિકોને કોઇપણ પ્રકારની હાલાકી ન વેઠવી પડે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે.

નવરાત્રિ મહોત્સવને અનુલક્ષી શહેરમાં શકિતની ભકિત માટે ભાવિકોમાં અનોખો ઉત્સાહ જોવા મળી રહયો છે. ત્યારે એકબાજુ ગરબા મહોત્સવને અનુલક્ષી ગરબા મેદાન તૈયાર થઇ રહયા છે. શહેરના સેકટરોમાં પણ શેરી ગરબાના આયોજનને આખરી કરવા માટે મેદાન સફાઇ અને સુશોભન માટે વસાહતીઓ કામે લાગ્યા છે. ત્યારે નવરાત દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકો શક્તિપીઠના દર્શન માટે પણ જતા હોય છે. જેને ધ્યાને લઇ સલામત સવારી નસીબ થાય તેવુ આયોજન પણ ડેપો તંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે. ગાંધીનગર ડેપો દ્વારા આગામી નવરાત મહોત્સવ દરમિયાન વિવિધ ચાર શક્તિ પીઠને અનુલક્ષી ભાવિકો માટે વિશેષ બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ગાંધીનગર ડેપોથી ચાર શક્તિ પીઠને ધ્યાને લઇ બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.ડેપો સુત્રોમાંથી મળતી માહીતી મુજબ અંબાજી , બહુચરાજી, ચોટીલા તેમજ પાવાગઢ રૂટમાં નવરાત દરમિયાન માતાજીના દર્શન અર્થે જતા ભાવિકોની સંખ્યા વિશેષ હોય છે. ત્યારે આ ભાવિકોને કોઇપણ પ્રકારની હાલાકી ન વેઠવી પડે તે માટે એસ ટી તંત્ર દ્વારા આ રૂટમાં નવરાત દરમિયાન વિશેષ બસો દોડાવાશે. ટ્રાફિકને ધ્યાને લઇ તંત્ર કક્ષાએથી બસ દોડવાનો નિર્ણય લેવાશે.


## ઓડીટોરીયમ હોલ ભાડે મેળવવા માટે

આ સંસ્થાનો ૩૦૦થી વધુ બેઠકો ધરાવતો સેન્ટ્રલી એરકન્ડીશન, સાઉન્ડ પ્રુફ, ડીઝીટલ સાઉન્ડ અને ડીસ્પ્લે સાથેનો ઓડીટોરીયમ હોલ સરકારી મીટીંગ, સેમીનાર, કોન્ફરન્સ તથા અન્ય કામો સારૂ ભાડે મેળવવા માટે તેમજ વ્યક્તિગત રીતે સામાજીક, ધાર્મિક પ્રસંગોએ ભાડે લેવા માટે સંપર્ક કરવો.

શ્રી સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેવા ટ્રસ્ટ
એમ.એસ. બિલ્ડીંગ સામે, ઉમિયા માતાજી મંદિર પાછળ, સેક્ટર-૧૨, ગાંધીનગર. મો. ૯૪૨૬૯ ૧૦૩૨૪



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN® ashirvad BENELAVE™ DR.FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com